### વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સાપ્તાહિક સમીક્ષા બેઠક મળી

# ગ્રીન મોબિલિટી પર ભાર, નવા લોજિસ્ટિક્સ પાર્ક અને ૧૩૦ ઈ-બસ દોડાવવાની તૈયારી

**દુમાડ** ચોકડી અને જાંબુવા ખાતે નવા એસટી સ્ટેશન માટે જમીન શોધાશે, ચાર આઇકોનિક રોડની ડિઝાઇનને અંતિમ સ્વરૂપ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાયેલી સાપ્તાહિક સમીક્ષા બેઠકમાં મ્યુનિસિપલ કમિશનરે શહેરના આંતરમાળખાકીય વિકાસ, જાહેર પરિવહન અને ચોમાસાની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી મહત્વના આદેશો આપ્યા હતા. શહેરના **વ્યાપક પરિવહન આયોજન** હેઠળ સ્વચ્છ અને હરિત પરિવહનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ભારે વાહનોના ટ્રાફિકને ઘટાડવા માટે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં દક્ષિણ અને ઉત્તર ઝોનમાં બે લોજિસ્ટિક્સ પાર્ક વિકસાવવાનું આયોજન હાથ ધરાયું છે. ઉપરાંત ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સહયોગથી દુમાડ ચોકડી અને જાંબુવા ખાતે નવા એસટી બસ મથક માટે જમીન શોધવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જાહેર પરિવહનને વધુ મજબૂત બનાવવા માટે હાલમાં દોડતી 30 ઈલેક્ટ્રિક બસોની સાથે આગામી સપ્તાહમાં વધુ 20 બસો ઉમેરાશે. ઓગસ્ટના અંત સુધીમાં વધુ 80 બસો મળતાં શહેરમાં કુલ 130 ઈલેક્ટ્રિક બસો સેવા આપશે. એરપોર્ટ રોડ, વાઘોડિયા રોડ અને સેવાસી રોડ સહિત ચાર આઈકોનિક રોડની ડિઝાઈનને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. વિશ્વામિત્રી સહિત 13 નવા બ્રિજ અને બુલેટ ટ્રેન સ્ટેશન વિસ્તારના વિકાસની કામગીરી પણ આયોજન હેઠળ છે.

ચોમાસાને ધ્યાનમાં રાખીને રોડ પેચવર્ક, ડ્રેનેજ સફાઈ અને મેનહોલના ઢાંકણાં બદલવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના અપાઈ છે. બેદરકારી દાખવનારા કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. શહેરમાં 50 એમએલડી પાણીની પાઈપલાઈનનું અટકેલું કામ આગામી 15થી 20 દિવસમાં પૂર્ણ કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી. ફાયર સ્ટેશન, અદ્યતન ઓડિટોરિયમ, સ્ટેડિયમ, ડિજિટલ લાઈબ્રેરી અને વર્કિંગ વુમન હોસ્ટેલના પ્રોજેક્ટને પણ આગળ વધારવામાં આવશે. ઉપરાંત અષાઢી બીજની ભગવાન જગન્નાથજીની રથયાત્રા માટે રોડ, ટ્રિ-ટ્રીમિંગ અને અન્ય તમામ વ્યવસ્થાઓ સમયસર પૂર્ણ કરવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી છે.

### ૧૭ જુલાઈથી સમગ્ર ગુજરાતમાં ડિજિટલ રિસ્ટોરેશન અને ડોલ્બી સાઉન્ડ સાથે ક્લાસિક ફિલ્મની રિ-રિલીઝ

વડોદરા, : ગુજરાતી સિનેમાની લોકપ્રિય ફિલ્મ 'મેં તો પાલવડે બાંધી પ્રીત' 21 વર્ષ બાદ નવા ટેક્નિકલ રૂપ સાથે ફરી દર્શકો સમક્ષ આવી રહી છે. આગામી 17 જુલાઈથી સમગ્ર ગુજરાતના સિનેમાઘરોમાં આ ફિલ્મ ડિજિટલ પુનઃસંસ્કરણ, ઉચ્ચ ગુણવત્તાની તસવીર અને ડોલ્બી ધ્વનિ પ્રણાલી સાથે ફરી રિલીઝ કરાશે. દિગ્દર્શક જશવંત ગાંગાણીની આ ફિલ્મે રિલીઝ સમયે સિલ્વર જ્યુબિલી સહિત અનેક સફળતાઓ મેળવી હતી. ડીસાના શ્રીરામ મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ 155 દિવસથી વધુ સમય સુધી હાઉસફુલ ચાલી હતી. ફિલ્મમાં હિતેન કુમાર, રાજલક્ષ્મી, દેવેન્દ્ર પંડિત, જયેન્દ્ર મહેતા, જૈમિની ત્રિવેદી અને દિનેશ લાંબાના અભિનયને દર્શકોએ ખૂબ વખાણ્યો હતો. નિર્માતાઓના જણાવ્યા મુજબ ફિલ્મની મૂળ વાર્તા, પાત્રો અને લાગણીઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર આધુનિક ટેક્નોલોજીથી દૃશ્ય અને ધ્વનિની ગુણવત્તા વધુ અસરકારક બનાવવામાં આવી છે. નવી પેઢીને ગુજરાતી સિનેમાની લોકપ્રિય પ્રેમકથાનો નવો અનુભવ કરાવશે.

### ભેળસેળ અટકાવવા મહાનગરપાલિકાની ઝુંબેશ વધુ સઘન બનશે

# શહેરમાં ખાદ્ય તેલ પર તવાઈ, ૯૬૭ કિલો શંકાસ્પદ પામોલીન તેલ જપ્ત

**અકોટા,** વારસિયા, ગોરવા અને સરદાર એસ્ટેટમાં આકસ્મિક તપાસ

**૧૦ ખાદ્ય** પદાર્થોના નમૂના લેબોરેટરીમાં મોકલાયાઃ રૂ.૧.૫૩ લાખનો જથ્થો સીઝ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરની સૂચના હેઠળ ખાદ્ય સુરક્ષા વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય તેલના ઉત્પાદકો અને વેચાણકારો સામે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. ડેઝિગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમે અકોટા, વારસિયા, ગોરવા અને સરદાર એસ્ટેટ વિસ્તારમાં આવેલા ખાદ્ય પદાર્થોના એકમોમાં ચકાસણી કરી હતી.

તપાસ દરમિયાન કુલ નવ ફૂડ વેન્ડિંગ એકમો અને છ ઉત્પાદન એકમોની તપાસ કરવામાં આવી હતી. મરચાંનો પાવડર, રતલામી સેવ તેમજ રિફાઈન્ડ પામોલીન તેલ સહિત કુલ 10 ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓ પરીક્ષણ માટે ફતેગંજ સ્થિત જાહેર આરોગ્ય પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. પરીક્ષણ અહેવાલ બાદ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

દરોડા દરમિયાન વારસિયા વિસ્તારમાંથી 88.40 કિલો, ગોરવામાંથી 118.40 કિલો તેમજ સરદાર એસ્ટેટમાંથી 298.40 અને 433.40 કિલો મળી કુલ 967 કિલો શંકાસ્પદ રિફાઈન્ડ પામોલીન તેલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા તેલની અંદાજિત કિંમત રૂ.1.53 લાખ હોવાનું તંત્રએ જણાવ્યું છે. ઉપરાંત હરણી રોડ પર આવેલી 'માં આશાપુરા પ્રોટીન્સ'માં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી, જ્યાં સેન્ટ્રલ ઓથોરિટીનું લાયસન્સ હોવાનું સામે આવતાં નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન વેપારીઓને ખાદ્ય સુરક્ષા કાયદાનું પાલન કરવા, ગુણવત્તાયુક્ત તેલનું જ વેચાણ કરવા અને લાયસન્સ સહિતના જરૂરી દસ્તાવેજો નિયમિત જાળવવા પણ સૂચના આપવામાં આવી હતી.

મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય તે માટે આવી ઝુંબેશ સતત ચાલુ રહેશે. ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ફતેગંજથી પંડ્યા બ્રિજ તરફ જવાના વ્યસ્ત માર્ગ પર તંત્રની ઘોર બેદરકારી

# એમ.એસ. યુનિવર્સિટી મુખ્ય કચેરી બહાર તૂટેલા ગટરના ઢાંકણાથી અકસ્માતનો ભય

**વાહન** ચાલકો જીવના જોખમે પસાર થવા મજબૂર



(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૪

વડોદરા શહેરના ફતેગંજ બ્રિજથી પંડ્યા બ્રિજ તરફ જતા અત્યંત વ્યસ્ત માર્ગ પર, શિક્ષણના પવિત્ર ધામ ગણાતી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની મુખ્ય કચેરીની બહાર જ મોતનો ખતરો તોળાઈ રહ્યો છે. અહીં રસ્તા પર આવેલા ગટરના ઢાંકણા લાંબા સમયથી તૂટેલી અને બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે, જે રાહદારીઓ અને વાહન ચાલકો માટે ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.

આ માર્ગ પરથી દરરોજ હજારો વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને સામાન્ય નાગરિકોની અવરજવર રહે છે. ગટરના ખુલ્લા અને જોખમી ઢાંકણા ખાસ કરીને દ્વિચક્રી વાહન ચાલકો માટે આફત સમાન છે. સ્થાનિકોના મતે, આ સમસ્યા નવી નથી, પરંતુ લાંબા સમયથી તંત્રની આંખ આડા કાન કરવાની નીતિને કારણે અહીં વાહન ચાલકો દરરોજ જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે. રાત્રિના સમયે અંધારામાં આ ખાડાઓ જોઈ શકાતા નથી, જેના કારણે ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. સ્થાનિક રહીશોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેઓ આક્ષેપ કરી રહ્યા છે કે યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાની બહાર જ રસ્તાની આવી કફોડી હાલત હોવા છતાં, સંબંધિત તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી. જો આવનારા દિવસોમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાશે, તો તેની જવાબદારી કોની ? તેવો સવાલ પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

### પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના વોકલ વિભાગમાં સ્વર સાધના વિષય પર વિશેષ વર્કશોપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

મહારાજા સજીરાવ યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના વોકલ વિભાગ દ્વારા સ્વર સાધના વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંડિત ઉલ્હાસ કાશાલકરના યુવા શિષ્ય ડો.વિવેક કરમાહે ઉપસ્થિત રહી શાસ્ત્રીય સંગીતમાં સ્વર સાધના અને રિયાઝની બારીકીઓ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ડિપાર્ટમેન્ટ ઓફ વોકલના એચઓડી ડોક્ટર રાજેશ કેલકરે જણાવ્યું હતું કે, ગાયન વિભાગ અનેકવિધ પ્રવૃત્તિઓથી વર્ષ દરમિયાન ગાજતો રહે છે અને એમાં થતી દરેક પ્રવૃત્તિ એ વિદ્યાર્થી લક્ષી હોય છે. વિદ્યાર્થીનું ચરિત્ર ઘડતર જ્ઞાનની બાબતમાં વૃદ્ધિ કલાકાર તરીકેની બનવાની યાત્રામાં સહાયક સિદ્ધ થવું એવા અનેક આશયોથી સજ્જ છે. એની કડીના ભાગરૂપે આજનું આયોજન કરવામાં આવ્યું છે. ડોક્ટર વિવેક કરમાહે બહુ સારા યુવા કલાકાર છે. પદ્મશ્રી પંડિત ઉલ્હાસ કાશાલકરના પ્રમુખ શિષ્યોમાંના એક છે તેઓ જબલપુર થી પધાર્યા હતા. ભારતભરમાં અને વિદેશમાં તેમણે અનેક કાર્યક્રમો કર્યા છે અને ભૂતાનમાં ભારત સરકાર તરફથી એમણે ત્રણ વર્ષ સુધી ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રચારનું કાર્ય કર્યું છે. સંગીત ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે સ્વર સાધના એક બહુ જ મહત્વપૂર્ણ અંગ છે.

# CBSEનો મોટો નિર્ણય : ધો.૧૦નું સર્ટિફિકેટ મેળવવા ત્રીજી ભાષા પાસ કરવી હવે ફરજિયાત

NEP 2020 હેઠળ નવો નિયમ, બોર્ડ પરીક્ષામાં નહીં પણ શાળાના આંતરિક મૂલ્યાંકનમાં પાસ થવું પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને નેપ 2020ના અમલ હેઠળ ધોરણ 9 અને 10ના શિક્ષણમાં ઐતિહાસિક ફેરફાર કર્યો છે. હવે ધોરણ 10નું પાસ સર્ટિફિકેટ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ત્રીજી ભાષાની પરીક્ષા પાસ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે.

સીબીએસઈ દ્વારા 10 જુલાઈના રોજ જારી કરાયેલા નવા પરિપત્ર મુજબ, આ નિયમ શૈક્ષણિક સત્ર 2026-27માં ધોરણ 9માં પ્રવેશ લેનારા અને 2027-28માં ધોરણ 10માં જનારા વિદ્યાર્થીઓને લાગુ પડશે. હાલ 2026-27માં ધોરણ 10ની બોર્ડ પરીક્ષા આપનાર બેચને આ નિયમ લાગુ નહીં પડે. નિયમ મુજબ ત્રીજી ભાષાની મુખ્ય બોર્ડ પરીક્ષા લેવામાં નહીં આવે. શાળા દ્વારા લેવાતા આંતરિક મૂલ્યાંકનમાં જ વિદ્યાર્થીએ પાસ થવું પડશે. આ વિષયને ક્વોલિફાઈંગ સબ્જેક્ટ તરીકે રાખવામાં આવ્યો છે. જો કોઈ વિદ્યાર્થી આંતરિક પરીક્ષામાં નાપાસ થશે તો બોર્ડનું ફાઈનલ રિઝલ્ટ જાહેર થાય તે પહેલાં શાળાએ ફરીથી રીએસેસમેન્ટ લેવી પડશે. જો ધોરણ 9માં ત્રીજી ભાષામાં નાપાસ થનાર વિદ્યાર્થીને ધોરણ 10માં પ્રમોટ કરવામાં આવશે, પરંતુ તેની સાથે ધોરણ 9ની બાકી રહેલી ત્રીજી ભાષાની પરીક્ષા પણ પાસ કરવી પડશે. આ જોગવાઈથી વિદ્યાર્થીઓનું વર્ષ બગડશે નહીં.

### સ્માર્ટ મીટરનો વિવાદ હજુ ચર્ચાસ્પદ

# વીજ લોકપાલનો આદેશ માત્ર એક કેસ પૂરતો : વીજ ગ્રાહક

**RTI અને ગેઝેટ મુદ્દે** ચર્ચા બાકી, ઉચ્ચ ન્યાયિક મંચે પડકારવાની તૈયારી : મહેન્દ્ર પટેલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

તાજેતરમાં વીજ લોકપાલ, ગુજરાત રાજ્ય દ્વારા કેસ નં. 09/2026માં આપવામાં આવેલા આદેશને લઈને કેટલાક માધ્યમો પર એવા સમાચાર પ્રસારિત થઈ રહ્યા છે કે સ્માર્ટ મીટર લગાવવા માટે ગ્રાહકની સંમતિ જરૂરી નથી અને સ્માર્ટ મીટરનો વિવાદ હવે સમાપ્ત થઈ ગયો છે. આ અંગે વીજ ગ્રાહક મહેન્દ્રકુમાર ડી. પટેલે જાહેર હિતમાં સ્પષ્ટતા કરી છે.

વીજ ગ્રાહક મહેન્દ્ર પટેલે જણાવ્યું કે વીજ લોકપાલનો આદેશ માત્ર એક વ્યક્તિગત કેસમાં પક્ષકારો વચ્ચેનો અર્ધ-ન્યાયિક હુકમ છે. તે સમગ્ર ગુજરાતના તમામ વીજ ગ્રાહકો માટે કાયદો, ગેઝેટ નોટિફિકેશન કે બંધનકર્તા નીતિ બની જતો નથી. તેમણે વધુમાં કહ્યું કે આ કેસમાં આરટીઆઈ એક્ટ હેઠળ મેળવેલા સત્તાવાર જવાબો, સરકારના ગેઝેટ નોટિફિકેશન અંગેના પ્રશ્નો અને અન્ય મહત્વના દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. પરંતુ આ મુદ્દાઓની પૂરતી કાનૂની ચર્ચા આદેશમાં થઈ નથી. તેથી આ મુદ્દો હજુ પણ કાયદાકીય રીતે ચર્ચાસ્પદ છે અને તેને યોગ્ય ઉચ્ચ ન્યાયિક મંચ સમક્ષ પડકારવાનો અધિકાર યથાવત છે. સ્માર્ટ મીટરનો મુદ્દો માત્ર ગુજરાત પૂરતો સીમિત નથી. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર સહિત અનેક રાજ્યોમાં ગ્રાહકો, ગ્રાહક સંગઠનો અને જનપ્રતિનિધિઓ દ્વારા આ અંગે પ્રશ્નો અને વિરોધ નોંધાવવામાં આવ્યા છે. અનેક રાજ્ય સરકારોએ પણ ગ્રાહકોની રજૂઆતોને ધ્યાનમાં લઈને સમીક્ષા હાથ ધરી છે.

### વિવિડ ઈલેક્ટ્રોમેકે Q1માં ૩૬% આવક વૃદ્ધિ નોંધાવી

વડોદરાઃ વિવિડ ઈલેક્ટ્રોમેક લિમિટેડે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિકમાં મજબૂત કામગીરી નોંધાવી છે. કંપનીની આવક વાર્ષિક ધોરણે 36 ટકા વધીને 32.68 કરોડ પહોંચી છે, જ્યારે ગયા વર્ષના સમાન ગાળામાં તે 24.05 કરોડ હતી. કંપનીની ઓર્ડર પાઈપલાઈન 210 કરોડ સુધી પહોંચી હોવાથી આગામી ત્રિમાસિકમાં પણ વૃદ્ધિની સારી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

કંપનીને STT ગ્લોબલ ડેટા સેન્ટર્સ ઈન્ડિયા તરફથી 30.13 કરોડ અને યુનિવાસ્તુ ઈન્ડિયા લિમિટેડ તરફથી 20.24 કરોડના મહત્વપૂર્ણ ઓર્ડર મળ્યા છે. ઉપરાંત અંબરનાથ ખાતે 1.20 લાખ ચોરસ ફૂટની નવી ઓટોમેટેડ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું કામ પ્રગતિમાં છે, જેનાથી ઉત્પાદન ક્ષમતા અને કાર્યક્ષમતા વધશે. એબીબી, સિમેન્સ, હિટાચી અને લૌરિટ્ઝ નુડસન જેવી અગ્રણી કંપનીઓ સાથેની ભાગીદારીથી લો અને મીડિયમ વોલ્ટેજ ઈલેક્ટ્રિકલ સોલ્યુશન્સમાં કંપની પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી રહી છે.

### ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોની પ્રતિનિધિત્વ સમિતિમાં દીપક અમીનની નિમણૂક

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

ગુજરાતની અગ્રણી કરવેરા વ્યવસાયિક સંસ્થા ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશને વર્ષ 2026-27 માટે તેની **બહારગામ પ્રતિનિધિત્વ સમિતિ**માં વડોદરાના જાણીતા કર સલાહકાર અને એડવોકેટ દીપકભાઈ પ્રવીણભાઈ અમીનની



સભ્ય તરીકે નિમણૂક કરી છે.વર્ષ 1954માં સ્થાપિત ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશન રાજ્યની પ્રતિષ્ઠિત સંસ્થા છે. આ સંસ્થા એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કર સલાહકાર, જીએસટી અને વેટ ક્ષેત્રે કાર્યરત હજારો વ્યાવસાયિકો તેમજ સંસ્થાકીય સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે.એસોસિએશનની સંચાલન સમિતિએ વર્ષ 2026-27 માટે દીપકભાઈ અમીનની બહારગામ પ્રતિનિધિત્વ સમિતિમાં નિમણૂક કરવાનો નિર્ણય કર્યો છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી કરવેરા ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે. સાથે જ બાર એસોસિએશન અને વિવિધ વ્યાવસાયિક સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપવા બદલ તેઓ ઓળખ ધરાવે છે.

### વોર્ડ નં.૨, ૩, ૧૩ અને ૧૪માં કરાયેલી કાર્યવાહી માત્ર દેખાદો?

# રથયાત્રા દરમિયાન દબાણ હટાવના નામે પાલિકાની માત્ર ઔપચારિક કામગીરી?

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

શહેરમાં રથયાત્રાના રૂટ પર વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશ એક વાર્ષિક 'કર્મકાંડ' બની ગઈ છે. ભગવાનની રથયાત્રા આવે ત્યારે જ તંત્રને શહેરના ટ્રાફિક અને દબાણોની યાદ આવે છે, જે પાલિકાની કામગીરી પર અનેક સવાલો ઉભા કરે છે. શું રથયાત્રા સિવાયના દિવસોમાં વડોદરા શહેર નથી ? પાલિકાના અધિકારીઓ દ્વારા વોર્ડ નં. ૦૨, ૦૩, ૧૩ અને ૧૪ માં કરવામાં આવેલી કાર્યવાહી માત્ર એક દેખાવ સમાન રહી છે. જો પાલિકા તંત્ર ખરેખર શહેરમાં શિસ્ત લાવવા માંગતી હોય, તો આ કાર્યવાહી વર્ષમાં માત્ર એક વાર શા માટે ? વર્ષના ૩૬૫ દિવસ રસ્તાઓ પર અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે આટલી કડકાઈ કેમ જોવા મળતી નથી ? શું નાગરિકોની સુવિધા માત્ર કોઈ તહેવાર કે પ્રસંગ પૂરતી જ મર્યાદિત છે ?



કામગીરી કે માત્ર રસ્તો કરવાની ઔપચારિકતા ? પાલિકાએ દબાણ હટાવીને સામાન જપ્ત કર્યો અને વાહનો ઉઠાવ્યા, પરંતુ આ દબાણ કરનારાઓ આવતીકાલે ફરીથી એ જ જગ્યાએ બેસી જશે, ત્યારે પાલિકાનું તંત્ર ક્યાં હશે ? ફતેગંજ કે સુરસાગર જેવા વ્યસ્ત વિસ્તારોમાં જે રીતે દબાણોનું સામ્રાજ્ય છે, તેને દૂર કરવામાં પાલિકા હંમેશા પાછી પાની કેમ કરે છે ? રથયાત્રાના દિવસે ભક્તોને તકલીફ ન પડે તે માટેની આ કાર્યવાહી સરાહનીય છે, પરંતુ આખા વર્ષ દરમિયાન ટ્રાફિકની સમસ્યાથી પીડાતા સામાન્ય નાગરિકો માટે પાલિકા ક્યારે નક્કર પગલાં લેશે ? પાલિકાના તંત્રની આ 'જાગૃતતા' જો આખું વર્ષ જોવા મળે, તો વડોદરા ખરેખર 'સ્માર્ટ સિટી' બની શકે તેમ છે. હાલમાં તો આ ઝુંબેશ માત્ર 'કામગીરી કરી છે' તેવું બતાવવા પૂરતી જ સીમિત દેખાઈ રહી છે.

### વડોદરા રેલવે મંડળની પ્રશંસનીય પહેલ, રેલ સહાયકોને નવા ગણવેશનું વિતરણ

વડોદરા : વડોદરા મંડળના સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર નરેન્દ્ર કુમારના કુશળ માર્ગદર્શનમાં આયોજિત આ કાર્યક્રમમાં વડોદરા મંડળના મંડળ રેલવે



મેનેજર રાજૂ ભડકે દ્વારા સ્ટેશન પર કાર્યરત 70 રેલ સહાયકોને ગણવેશના સેટ વહેંચવામાં આવ્યા. દરેક રેલવે સહાયકને કુલ ચાર શર્ટનો એક સેટ આપવામાં આવ્યો હતો. જેમાં ગરમી માટે ત્રણ લાલ શર્ટ તથા ઠંડી માટે એક શર્ટ સામેલ છે. સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર નરેન્દ્ર કુમાર એ જણાવ્યું કે આ પહેલનો ઉદ્દેશ કુલિઓને એક સમાન અને સુવ્યવસ્થિત ઓળખ આપવાનો છે.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL

CIN U40102GJ2003SGC042909

રજી. અને કોર્પોરેટ કચેરીઃ 'ઊર્જા સદન'

નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

**વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ) તરીકેની પસંદગી માટે લેખિત પરીક્ષા**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા જારી કરાયેલ કંપનીના અદ્યતન ભરતીના નિયમોનુસાર એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ લાઈનમેન ટ્રેડમાં તાલીમ લીધેલ હોય અને એન.સી.વી.ટી./એસ.સી.વી.ટી./જી.સી.વી.ટી. પરીક્ષા પાસ કરેલ હોય તેવા તાલીમાર્થીઓની શારીરિક ક્ષમતાની કસોટી–થાંભલો ચઢવાની પ્રેક્ટીલ ટેસ્ટ તા.૧૭.૦૩.૨૦૨૬ ના રોજ વિવિધ વર્તુળ કચેરીઓમાં રાખવામાં આવેલ હતી જેમાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોની વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ) તરીકેની પસંદગી માટેની લેખિત પરીક્ષા તા.૨૬.૦૭.૨૦૨૬ રવિવારના રોજ સુરત ખાતે રાખવામાં આવેલ છે. આ પરીક્ષાના કોલ લેટર દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. ની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પરથી ડાઉનલોડ કરવાના રહેશે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત



**માંગણી નોટિસ**

**એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઇસ હાઉસ, ૧લો માળ, ઓફ સી.એસ.ટી. રોડ, કલિના, મુંબઈ ૪૦૦૦૯૮

સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("ધી એક્ટ")ની કલમ ૧૩(૨) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩(૧) સાથે વાંચતા માંગણી નોટિસ.

આથી જણાવવાનું કે, અહીં નીચે ઉલ્લેખિત એસાઇનરએ નાણાકીય અસ્કયામતો એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સ્થાનાંતરિત કરી છે, જે પોતાના વતી / અહીં નીચે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કામ કરી રહી છે (આથી આગળ જેને "EARC" તરીકે ઓળખવામાં આવશે). એસાઇનમેન્ટ કરારો અનુસાર, સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૫ હેઠળ, EARCએ એસાઇનરનું સ્થાન લીધું છે અને લોનધારક દ્વારા મેળવવામાં આવેલી નાણાકીય સહાયના સંદર્ભમાં અંતર્ગત સિક્યોરિટી હિતો, ગેરંટી, ગિરવે મૂકેલી વસ્તુઓની સાથે એસાઇનરના તમામ અધિકારો, હક અને હિતો EARCમાં નિહિત થયા છે અને EARC સુરક્ષિત લેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે.

અધોહસ્તાક્ષરકર્તા સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ ("EARC")ના અધિકૃત અધિકારી છે. આ કાયદાની કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતા, અધિકૃત અધિકારીએ નીચે ઉલ્લેખિત એસાઇનરના સંબંધિત લોનધારક(ઓ)ને તેઓને જારી કરાયેલી સંબંધિત માંગણી નોટિસમાં દર્શાવેલી રકમની ચુકવણી કરવા માટે કાયદાની કલમ ૧૩(૨) હેઠળ માંગણી નોટિસ જારી કરી છે.

ઉપરોક્ત સંદર્ભમાં, લોનધારક(ઓ)ને આ નોટિસના પ્રકાશનના ૬૦ દિવસની અંદર, નીચે દર્શાવેલ રકમ, તેમજ સદર માંગણી નોટિસમાં વિગતવાર જણાવ્યા મુજબ, નીચે દર્શાવેલ તારીખ(ઓ)થી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ સાથે, સદર લોનધારક(ઓ) દ્વારા કરાયેલા લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખન સાથે વાંચતા જે ચૂકવવાપાત્ર થાય છે, તે EARCને ચૂકવવા માટે ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય પુનઃચુકવણીની સુરક્ષા તરીકે, સંબંધિત લોનધારક(ઓ) દ્વારા EARCની તરફેણમાં નીચેની મિલકતો ગીરો મૂકવામાં આવી છે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | ટ્રસ્ટનું નામ અને વેચાણ કરતા સંસ્થાનું નામ | સહ-લોનધારક/ જામીનદારના નામ | ૧૩(૨) નોટીસ તારીખ અને ૧૩(૨) નોટીસ એકાઉન્ટ |
|---|---|---|---|---|
| 1 | 26691957 | IDFC First Bank Limited EARC TRUST-SC 468 | ૧. બુધાભાઈ રાજપૂત, (લોનધારક) ૨. પારુલબેન રાજપૂત. (સહ-લોનધારક) | ૨૩-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૧૦,૪૬,૪૨૩.૬૯/- (રૂપિયા દસ લાખ છેતાલીસ હજાર ચારસો ત્રેવીસ અને ઓગણસિત્તેર પૈસા પૂરા). ૨૩-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ જમીન અથવા ગ્રાઉન્ડના તમામ ટુકડા અથવા પાર્સલ અને તેની પર ઊભેલી બિલ્ડીંગો, વારસાગત વસ્તુઓ અને પરિસર એટલે કે સ્થાવર મિલકત ધરાવતી જમીન અને બિલ્ડીંગનો તમામ ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. ૩૦૨ જેનું ક્ષેત્રફળ ૨૬.૩૯ ચોરસ મીટર (૨૮૪ ચોરસ ફૂટ) ત્રીજા માળે "સાઈરાજ પ્લાઝા", જે જમીન રેવન્યુ સર્વે નં. ૨૮૧ પૈકી સિટી સર્વે નં. ૧૨૨૦, ૧૨૨૧, ૧૨૨૨, ૧૨૨૩, ૧૨૨૪, ૧૨૨૫, ૧૨૩૮/૪, ૧૨૨૬ (એકત્રિત સર્વે નં. ૧૨૨૦) અનુસૂચિ નં. ૧ મુજબ અને ૧૨૨૬, ૧૨૨૭, ૧૨૨૮, ૧૨૩૧, ૧૨૩૨, ૧૨૩૩, ૧૨૩૮ પૈકી (એકત્રિત સર્વે નં. ૧૨૨૬) વિભાગ B ટીક્કા નં. ૧/3 ની અનુસૂચિ નં. ૨ મુજબ, મોજે ગામ બાબાજીપુરા, જી. વડોદરા. ચતુઃસીમાઃ પૂર્વ તરફઃ એચ. એસ. પરીખ સ્કૂલ, પશ્ચિમ તરફઃ અડીને આવેલ સિટી સર્વે નંબર, ઉત્તર તરફઃ ફ્લેટ નં. ૩૦૧, દક્ષિણ તરફઃ સીડી / ફ્લેટ નં. ૩૦૩. | | | | |
| 2 | 606614846 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. શ્રી ચૌધરી અશોક જયશ્રીરામ (લોનધારક), ૨. શ્રી ચૌધરી વિક્રમકુમાર મધુભાઈ (જામીનદાર). | ૨૨-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૬,૦૮,૩૯૪.૨૭/- (રૂપિયા છ લાખ આઠ હજાર ત્રણસો ચોરાણું અને સત્તાવીસ પૈસા પૂરા). ૨૨-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ફ્લેટ નં. F/5, ગ્રાઉન્ડ ફ્લોર, ગોકુલધામ એપાર્ટમેન્ટ, રેવન્યુ સર્વે નં. 260 પૈકી ૨, રાજવી રેસીડેન્સીનો ભાગ, હાલોલ ટોલ નાકા પાસે, ગોધરા હાલોલ બાયપાસ રોડ, પંચમહાલ ૩૮૯૩૫૦. સીમાઃ ઉત્તરઃ મુખ્ય એપાર્ટમેન્ટ્સ વચ્ચેનો સામાન્ય માર્ગ, દક્ષિણઃ રેવન્યુ સર્વે નં. ૨૬૮ ની સરહદ સાથે, પૂર્વઃ ફ્લેટ નં. G/6, પશ્ચિમઃ ફ્લેટ નં. G/4. | | | | |
| 3 | 612476414 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. શ્રી પગી દીપેન્દ્રસિંહ એન. (લોનધારક) | ૨૨-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૪૪,૪૮,૧૪૪.૬૪/- (રૂપિયા ચુમાલીસ લાખ અડતાલીસ હજાર એકસો ચુમાલીસ અને ચોસઠ પૈસા પૂરા). ૨૨-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ૨૪૬/P પૂર્વ બાજુ, રેવન્યુ સર્વે નં. ૫૯ P, શ્યામલ ટેના પાસે, ગોવિંદી રોડ, ગોધરા ૩૮૯૦૦૧. સીમાઃ ઉત્તરઃ લાગુ રેવન્યુ સર્વે નંબર, દક્ષિણઃ ૭.૫ મીટર રોડ, પૂર્વઃ પ્લોટ નં. ૨૪, પશ્ચિમઃ પ્લોટ નં. ૨૪૬ પૈકી. | | | | |
| 4 | 621403951 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. પટેલ નિખિલ જયંતીભાઈ (લોનધારક), ૨. દરજી વિશાલ જે. (જામીનદાર) | ૨૨-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૨૦, ૯૬,૦૫૭.૪૫/- (રૂપિયા વીસ લાખ છન્નું હજાર સત્તાવન અને પિસ્તાલીસ પૈસા પૂરા). ૨૩-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ફ્લેટ- K ૩૦૨નો તમામ ભાગ અને પાર્સલ, ત્રીજો માળ, મારુતિ હાઇટ્સ ટાવર, સર્વે નં. ૧૦૮૧, ૧૦૮૨, સત્યમ એક્ઝોટિકાની સામે, છાણી દુમાડ રોડ, છાણી, વડોદરા- ૩૯૦૦૨૪. ચતુઃસીમાઃ ઉત્તરઃ સોસાયટી રોડ, દક્ષિણઃ ફ્લેટ નં. K-301, પૂર્વઃ ફ્લેટ નં. K-303, પશ્ચિમઃ ફ્લેટ નં. J-303. | | | | |
| 5 | 604227503 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. શ્રી રાઠોડ પરેશ વિનોદકુમાર. (લોનધારક) | ૨૨-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૧૧, ૮૧,૩૮૩.૮૨/- (રૂપિયા અગિયાર લાખ એક્યાસી હજાર ત્રણસો ત્યાસી અને બ્યાસી પૈસા પૂરા). ૨૨-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ પ્લોટ નં. 3નો તમામ ભાગ અને પાર્સલ, સનરાઇઝ રેસીડેન્સી 16 પૈકી । જનરલ મોટર્સ ઇન્ડિયા લિમિટેડ પાછળ, હાલોલ ગોધરા બાયપાસ હાઇવે ચંદ્રપુરા, હાલોલ - ૩૮૯૩૫૦. ચતુઃસીમાઃ ઉત્તરઃ જૂની ચાંપાનેર પાણી માઇનસ રેલ્વે લાઇન, દક્ષિણઃ ૯ મીટર રોડ, પૂર્વઃ પ્લોટ નં. ૨, પશ્ચિમઃ પ્લોટ નં. ૪. | | | | |
| 6 | 645305116 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. સિંઘ આકાશ કુમાર (લોનધારક) | ૨૨-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૨૬,૯૭,૫૧૫.૮૨/- (રૂપિયા છવ્વીસ લાખ સત્તાણું હજાર પાંચસો પંદર અને બ્યાંસી પૈસા પૂરા). ૨૨-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ યુનિટ નં. ૭ પૈકી ૬ નો તમામ ભાગ અને પાર્સલ, માધવ પાર્ક, સર્વે નં. ૨૯૬, ૨૯૮ (જૂનો રેવન્યુ સર્વે ૩૨૦ પૈકી ૧ અને ૩૨૦ પૈકી ૨), માધવાસ ક્રોસિંગ, બંસી ટાયરની સામે, માધવાસ, કાલોલ, પંચમહાલ - ૩૮૯૩૩૦. સીમાઃ ઉત્તરઃ પ્લોટ નં. ૭ પૈકી, દક્ષિણઃ પ્લોટ નં. ૭ પૈકી, પૂર્વઃ પ્લોટ તરફ જતો રોડ, પશ્ચિમઃ પ્લોટ તરફ જતા રોડ. | | | | |
| 7 | 626155914 & 625210726 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. શ્રી બારૈયા દેવજીભાઈ વિઠ્ઠલભાઈ, (લોનધારક) ૨. શ્રીમતી બારૈયા રમીલાબેન, (સહ-લોનધારક) | ૨૩-૦૬-૨૦૨૬ના રોજ રૂ. ૬,૧૬,૨૩૨.૨૪/- (રૂપિયા છ લાખ સોળ હજાર બસો બત્રીસ અને ચોવીસ પૈસા પૂરા). ૨૪-૦૬-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ફ્લેટ નં. ૮૦૨, ૮મો માળ, તુલસી હાઇટ્સ ટાવર D નો તમામ ભાગ અને પાર્સલ, સર્વે નં. ૩૯૩, ૪૦૫, રેવન્યુ સર્વે ૩૯૩, ૪૦૫, ડભોઈ દશાલાડ ભવન પાછળ, પ્રણવ બંગલો પાસે, N.H.-8, આજવા-વાઘોડિયા રિંગ રોડ, વડોદરાઃ ૩૯૦૦૧૯. ચતુઃસીમાઃ પૂર્વઃ ફ્લેટ નં. D-803, પશ્ચિમઃ ઓપન પ્લોટ, ઉત્તરઃ ૨૪ મીટર રોડ, દક્ષિણઃ ફ્લેટ નં. D-801. | | | | |
| 8 | 637127489 & 636803247 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. બારીઆ હેમંતકુમાર, (લોનધારક) ૨. બારીઆ આશાબેન, (સહ-લોનધારક) | ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ રૂ. ૧૮,૭૭,૫૩૫.૦૬/- (રૂપિયા અઢાર લાખ સિત્યોતેર હજાર પાંચસો પાંત્રીસ અને છ પૈસા પૂરા). ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ યુનિટ-A-52 નો તમામ ભાગ અને પાર્સલ, શ્રી મારુતિનંદન પાર્ક, હાલોલ GIDC પાસે, દુનિયા ગામ, હાલોલ, પંચમહાલ, ૩૮૯૩૫૦. ચતુઃસીમાઃ પૂર્વઃ ખેતર, પશ્ચિમઃ ત્યાં રોડ છે, ઉત્તરઃ પ્લોટ નં. ૫૨/B, દક્ષિણઃ પ્લોટ નં. ૫૧/B. | | | | |
| 9 | 645454539 & 644264601 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. શ્રી પટેલ વિરલકુમાર, (લોનધારક) ૨. શ્રીમતી બારીઆ સરિતાબેન, (સહ-લોનધારક) | ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ રૂ. ૧૬,૪૮,૮૧૩.૫૨/- (રૂપિયા સોળ લાખ અડતાલીસ હજાર આઠસો તેર અને બાવન પૈસા પૂરા). ૨૪-૦૬-૨૦૨૬ ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ફ્લેટ-T/6, ત્રીજો માળ, બાલાજી ફ્લેટ્સ પ્લોટ ૭નો તમામ ભાગ અને પાર્સલ, સર્વે નં. ૪૪/૧૮ પૈકી 3, પૈકી ૧, મારુતિનગર પાછળ, બમરોલી રોડ, વાવડી, ગોધરાઃ ૩૯૦૦૦૧. ચતુઃસીમાઃ પૂર્વઃ ફ્લેટ નં. ૭, પશ્ચિમઃ રેવન્યુ સર્વે નં. ૪૪/૧૮, ઉત્તરઃ પ્રાઇવેટ પ્લોટ નં. ૬, દક્ષિણઃ સામાન્ય માર્ગ અને સીડી. | | | | |
| 10 | 648109722 & 647134459 | HDFC Bank Ltd EARC TRUST-SC 469 | ૧. શ્રીમતી પટેલ પ્રિયંકાબેન વિજયભાઈ, (લોનધારક) ૨. શ્રી પટેલ વિજયભાઈ રાજેન્દ્રભાઈ. (સહ-લોનધારક) | ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ રૂ. ૧૮, ૭૫,૧૦૮.૮૬/- (રૂપિયા અઢાર લાખ પંચોતેર હજાર એકસો આઠ અને છયાસી પૈસા પૂરા). ૨૪-૦૬-૨૦૨૬ ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ફ્લેટ-૪૦૪નો તમામ ભાગ અને પાર્સલ, વેદાંત વિશ્રામ ટાવર H, GEB સબ સ્ટેશન બાજુમાં, જંબુઆ વડોદરા ૩૯૦૦૧૪. ચતુઃસીમાઃ પૂર્વઃ ૭.૫ મીટર રોડ, પશ્ચિમઃ સામાન્ય સીડી, ઉત્તરઃ ફ્લેટ નં. H-403, દક્ષિણઃ ૭.૫ મીટર રોડ. | | | | |
| 11 | 612588416 | HDFC Bank Ltd EARC TRUST SC 469 | ૧. નાદોદા પરેશભાઈ રામાભા (લોનધારક) | ૦૭-૦૭-૨૦૨૬ના રોજ રૂ. ૧૬,૮૪,૦૨૬.૭૭/- (રૂપિયા સોળ લાખ ચોર્યાસી હજાર છવ્વીસ અને સિત્યોતેર પૈસા પૂરા). ૦૭-૦૭-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ડુપ્લેક્સ-૨૧નો તમામ ભાગ અને પાર્સલ, ઓમ સાઈ રેસીડેન્સી, સંગમ, યુનિવર્સિટી ગ્રાઉન્ડ પાસે, બાકરોલ વડતાલ રોડ, આણંદ- ૩૮૮૦૦૧. | | | | |
| 12 | PR010254 21 | SBFC Finance Limited EARC TRUST SC 499 | ૧. શુભમ સ્ટોર્સ, (લોનધારક) ૨. કલ્પેશ ગાયકવાડ, (સહ-લોનધારક) ૩. મયુરી કલ્પેશ ગાયકવાડ, (સહ-લોનધારક) ૪. સુભાષચંદ્ર વી. ગાયકવાડ, (સહ-લોનધારક) ૫. શૈલા સુભાષભાઈ ગાયકવાડ. (સહ-લોનધારક) | ૦૭-૦૭-૨૦૨૬ના રોજ રૂ. ૨૯,૯૧,૦૧૦.૨૪/- (રૂપિયા ઓગણત્રીસ લાખ એકાણું હજાર દસ અને ચોવીસ પૈસા પૂરા). ૦૭-૦૭-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ મોજે બાબાજીપુરા, વડોદરા ખાતે આવેલી બિન-ખેતી મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જમીન ધરાવતો વિભાગ B, ટીક્કા નં. ૧૩/૨, સિટી સર્વે નં. ૨૮, ૧૬/૧, ૧૬/3, ૧૬/3 ગ્રાઉન્ડ ફ્લોર પૈકી દુકાન જેનું માપ ૯૮.૭ ચોરસ ફૂટ છે (મંદાર સ્ક્વેર), રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ જીલ્લો વડોદરા, જીલ્લો વડોદરા. ચતુઃસીમાઃ પૂર્વઃ સામાન્ય દીવાલ અને મયુર બામણેલકરની દુકાન, પશ્ચિમઃ સામાન્ય દીવાલ અને માર્ગ, દક્ષિણઃ સામાન્ય દીવાલ, ઉત્તરઃ પાર્કિંગ. | | | | |
| 13 | 624949487 & 624120406 | HDFC Bank Ltd EARC TRUST SC 469 | ૧. સિંઘે અમિત રામચંદ્ર, (લોનધારક) ૨. સિંઘે અરુણાબેન. (સહ-લોનધારક) | ૦૭-૦૭-૨૦૨૬ના રોજ રૂ. ૧૮,૧૭,૭૩૧.૩૨/- (રૂપિયા અઢાર લાખ સત્તર હજાર સાતસો એકત્રીસ અને બત્રીસ પૈસા પૂરા). ૦૭-૦૭-૨૦૨૬ના રોજ |
| સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ ત્રીજા માળે ફ્લેટ A-304નો તમામ ભાગ અને પાર્સલ, તુલસી આંગણ ટાવર A, ડભોઈ દશાલાડ ભવન પાછળ, આજવા વાઘોડિયા રિંગ રોડ, વડોદરા ૩૯૦૦૧૯. ચતુઃસીમાઃ પૂર્વઃ O.T.S, પશ્ચિમઃ O.T.S અને સામાન્ય માર્ગ તથા લિફ્ટ, ઉત્તરઃ ફ્લેટ નં. A-303, દક્ષિણઃ O.T.S. | | | | |

જો સદર લોનધારકો ઉપરોક્ત જણાવ્યા મુજબ EARC ને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો EARC સદર લોનધારક(ઓ)ના સંપૂર્ણ જોખમે, ખર્ચ અને પરિણામોની જવાબદારી સાથે કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાર્યવાહી કરશે. લોનધારકોને કાયદા હેઠળ EARC ની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત અસ્કયામતોને વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારે સ્થાનાંતરિત કરવા પર પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે આ કાયદા અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરે છે, તે કાયદા હેઠળ પ્રદાન કરાયેલ જેલની સજા અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

સ્થળઃ ગુજરાત — અધિકૃત અધિકારી

તારીખઃ ૧૫.૦૭.૨૦૨૬ — એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction